## ||ॐ શ્રી સાઈરામ ||

## || ॐ શ્રી સાઈકર્મધ્વસિને નમ: || (૯૩)

## કર્મબંધનોનો નાશ કરવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ફળની ઈચ્છા ન કરતા દરેકે પોતાનું કર્તવ્ય કરવું, તેના પર સ્વામી ભાર આપે છે. કર્મફળના સંચયનું પરિણામ સારા-ખોટા કામ પર થાય છે, ત્યાગરૂપ કર્મ, એ કર્મના બંધનનો નાશ કરે છે.

ઘણા વર્ષો પહેલાં એટલે ૧૯૩૫ ના અરસામાં કર્ણાટકના મંડયા જિલ્લાના કિક્કેરી નામના ગામમાં એક શિરડી સાઈબાબાના ભક્ત પતિ-પત્ની રહેતા હતા. તેમને એક પુત્ર હતો. પુત્ર જ્યારે ૧૨-૧૩ વર્ષનો થયો ત્યારે આ બન્ને પતિ-પત્નીનું નિધન થયું અને આ છોકરો અનાથ થયો. કોઈપણ દેખભાળ કરવા માટે ન હોવાથી તેણે ઘર છોડ્યું અને તે સાધુઓની ટોળીમાં સામેલ થઈ ગયો. અનેક તીર્થક્ષેત્ર તેણે જોયા.

આવી જ રીતે ફરતા ફરતા ઈ.સ. ૧૯૫૩ માં તે પુટ્ટપર્તિ આવી પહોંચ્યો. ત્યારે તેણે પ્રાંતિનિલયમના પ્રવેશદ્વારની કમાન પર ' ભગવાન શ્રી સત્ય સાઈ બાબા પ્રશાંતિનિલયમ ' એવી તેલુગુ અક્ષર વાળી લાઈન વાંચી ત્યારે તે તેમાંના 'ભગવાન' આ નામથી આકર્ષિત થયો અને આ ભગવાનની શક્તિની પરીક્ષા લેવાનું તેના મનમાં આવ્યું કારણ કે તે પોતે તેની સંગાથે રહેવાવાળા સાધુઓની તાંત્રિક વિદ્યાથી હવે પરિચિત થયો હતો. આ સાધુઓ સાથે રહેવાથી તેની આધ્યાત્મિક શક્તિ વધવાને બદલે તેને અનેક વ્યસનોની આદત પડી હતી. આ યુવાનનું નામ શ્રી. બી. હલગપ્પા. આ વખતે હલગપ્પાએ સર્વપ્રથમ સ્વામીના દર્શન કર્યા.

વચ્ચે થોડો સમય વીત્યો અને હલગપ્પા ફરતો ફરતો ઋષિકેશના સ્વામી શિવાનંદના આશ્રમમાં જઈ પહોંચ્યો. ત્યાં જ તેની સ્વામી શ્રદ્ધાનંદ સાથે મુલાકાત તેમની થઇ. અનેક દિવસ સુધી તે આશ્રમમાં રહ્યો જ્યાં તેને સત્ય સાઇબાબા વિશે તેમની ઋષિકેશ ની મુલાકાત બદલ માહિતી મળી , તે જ વખતે સ્વામી શ્રદ્ધાનંદે તેને કહ્યું - " તારો ભવિષ્યકાળ સુખકર કેવળ ભગવાન શ્રી સત્ય સાઈ બાબા ના આશીર્વાદથી જ થઈ શકે છે ."

સ્વામી શ્રદ્ધાનંદે સમાધિ લીધી ત્યાં સુધી હલગપ્પા ઋષિકેશમાં જ રહ્યા. ત્યાર પછી તે ફરીથી દક્ષિણ તરફ આવ્યા અને પુટ્ટપર્તિ ગયા. ફરીથી એકવાર સ્વામીના દર્શન કર્યા, પરંતુ સ્વામીએ તેમની તરફ ધ્યાન પણ આપ્યું નહીં, એવું હલગપ્પાને લાગ્યું. આ અનુભવ તેમના માટે નવો જ હતો કારણ કે

અન્ય સાધુ-સંન્યાસી પોતાની આસપાસ ભેગા થનારાઓને આકર્ષિત કરી લેતા હોય છે એવી તેમના અનુભવથી તેમને ખબર પડી હતી.

આ જ અરસામાં તેમને ‘ નશો ’ કરવાની જે ટેવ આ સાધુઓની સંગતમાં થઈ હતી તેના માટે હવે તેઓ ચોરી કરવા લાગ્યા. થોડાક દિવસ પછી હલગપ્પા બેંગલોર હતા ત્યારે તેમને સ્વામી વ્હાઈટફીલ્ડમાં હોવાની ખબર પડી તેથી તે તાત્કાલિક ત્યાં ગયા. આ વખતે સ્વામીએ તેમને નિરાશ કર્યા નહીં. તેમને દર્શન તો આપ્યા છે, પરંતુ તેમની સાથે સ્વામીએ સંભાષણ પણ કર્યું. સ્વામી બોલ્યા-“ આવી ધ્યેયશૂન્ય (હીન) પરિસ્થિતિમાં ફરવા કરતા કોઈ નોકરી કરવા લાગ. ”

સ્વામીની આજ્ઞા માનીને હલગપ્પા આવ્યા અને પાંડવપુરાના ખાંડના કારખાના માં તેમને મજૂરની નોકરી મળી. મૈસુરના એક ભક્તને ઘરે ચાલતા ભજનમાં તે ભાગ લેવા લાગ્યા અને અચાનક તેમની નોકરી છૂટી. પૂટ્ટપર્તી જવાની ઉત્કટ ઇચ્છા મનમાં જાગૃત થવાથી તે ઘરેથી નીકળ્યા. જ્યારે પનુંકોંડા રેલવેના ઝાંપા પાસે પહોંચ્યા, ત્યારે સામે જ ઊભેલી કારમાંથી સ્વામીએ તેમને સાદ પાડીને પાસે બોલાવી લીધા. હલગપ્પા અત્યાનંદ થી ગાડી પાસે પહોંચ્યા. સ્વામીએ પૂછ્યું - " ક્યાં જાય છે? " હલગપ્પા બોલ્યા - " સ્વામી મારી નોકરી છૂટી ગઈ છે. હું તમારા દર્શન માટે જ આવ્યો હતો. " સ્વામી બોલ્યા - " ઘરે પાછો જા. તારી નોકરી કાયમ થઈ છે. " અને " આ લે. " એમ કહીને વીસ રૂપિયા હલગપ્પા ની હથેળી પર મુકિયા, હલગપ્પાનો આનંદ દ્વિગુણિત થઈ ગયો. તેમણ આ રૂપિયા ના દરેક પૈસાથી મજા કરી અને પછી જ તે પાંડ્વપુરા પાછા ફર્યા.

ઘરે આવ્યા પછી તેમને ખબર પડી કે, તેમની નોકરી કાયમ થઈ છે, બે રૂપિયા રોજ ના પગારે. ' તે વખતમાં આ પગાર એકદમ ઓછો નહોતો, પરંતુ હલગપ્પાની જરૂરિયાત અને વ્યસન તેનાથી મોટા હતા. તેમાં જ વચ્ચે વચ્ચે તેમને પુટ્ટપર્તિ જવાની ઇચ્છા થતી તેથી આ પૈસા તેમના માટે પર્યાપ્ત નહોતા. પછી શું કરવું? પુટ્ટપર્તિ ગયા પછી ભીડનો ફાયદો લઈને ત્યાં ચોરી કરવાની તેમણે શરૂઆત કરી.

એકવાર આમ જ સ્વામીના દર્શન માટે ગયા હતા ત્યારે હલગપ્પા વધુ દિવસ રોકાઈ ગયા. પૈસા પણ ખલાસ થઈ ગયા હતા તેનો ઉપાય તેમની પાસે હતો જ. ભીડનો ફાયદો લઈને તેમણે એક ભક્તની બેગ ચોરી અને ટેકરી પર એક વટવૃક્ષ (વડનું ઝાડ) પાસે છૂપાવી દીધી. જે ભક્તની બેગ ચોરાઈ તેણે ઘણો આક્રોશ કર્યો. ત્યારે સ્વામીએ તેને' તારી બેગ પાછી મળશે ' એમ કહીને આશ્વાસન આપ્યું.

અહીંયાં સ્વામીના દર્શન માટે ઊભેલા ભક્તોમાં હલગપ્પા પણ ઊભા હતા. એટલામાં જ શ્રી. કસ્તુરી તેમની પાસે આવ્યા અને બોલ્યા-“ તમે અંદર જાઓ. સ્વામી તમારી રાહ

જુએ છે. " જ્યારે હલગપ્પા સ્વામી પાસે ગયા, ત્યારે સ્વામીએ કડક શબ્દોમાં તેમની ઝાટકણી કરી અને તે બેગ પેલા ભક્તને પાછી આપવાની આજ્ઞા કરી. ત્યાર પછી વિભૂતિ સાક્ષાત કરીને આપી. હલગપ્પાને લાગ્યું, સ્વામી પૈસા આપશે, પરંતુ સ્વામીએ એવું કાંઈ કર્યું નહી. પરંતુ, બહાર ગયા પછી શ્રી. કસ્તુરીએ તેમને ઘરે જવા માટે ટિકિટના પૈસા આપ્યા.

હલગપ્પા પાછા આવ્યા ખરા, પરંતુ તેમના હાલ વધતા જ હતા. તેમણે લગ્ન કર્યા, તેથી પણ ખર્ચ વધ્યો હતો. મનમાં આવે ત્યારે સ્વામીના દર્શન માટે જવાતું નહોતું. ઘરે સ્વામીના ફોટાની પૂજા અને મૂક રૂદન આના સિવાય બીજું કાંઈ શક્ય નહોતું.

આવી જ રીતે ઘણા દિવસ પછી તે ૧૯૬૩ માં ગુરુપૂર્ણિમાના ઉત્સવ માટે પુટ્ટપર્તિ ગયા. ત્યાં જતા જ તેમને ખબર પડી કે, સ્વામીને લકવાનો એટેક આવ્યો છે. કસ્તુરી બોલ્યા-" સ્વામીએ કોઈની બીમારી પોતાના ઉપર લીધી છે. ' સ્વામીને પ્રત્યક્ષ જોતા હલગપ્પાના મનમાં વિચાર આવ્યો-" પરમેશ્વરની પણ આવી અવસ્થા થાય છે? "

એટલામાં જ સ્વામીએ પીવા માટે પાણી મંગાવ્યું. એક ઘૂંટ પાણી પીધા પછી તેમણે બીજા હાથથી લકવા થયેલા શરીરના ભાગ પર પાણી છાંટયું અને થોડીક જ ક્ષણોમાં સ્વામી ઊઠીને ઊભા રહ્યા. એટલું જ નહીં, પરંતુ તેમણે પ્રવચન શરૂ કર્યું, જેમાં તેમની બીમારીનું કારણ, પૂર્વઅવતાર, વર્તમાન અવતાર તેમજ પુનરાવતાર વિશે સવિસ્તર માહિતી આપી. આ ઘટનાની હલગપ્પાના જીવન પર ખૂબ મોટી અસર થઈ. તેમના મનમાં વિચાર આવ્યો કે સ્વામી ખરેખર જો પરમેશ્વર હશે, તો કાલે મને પાદનમસ્કાર અને આશીર્વાદ આપો અને હું મારા બધા અવગુણ છોડી દઈશ.

બીજે દિવસે બધું હલગપ્પાના મન મુજબ જ થયું. આનંદથી હલગપ્પા તેમના ગામ પાછા ફર્યા તે અંતર્બાહ્ય બદલીને. થોડા દિવસ પછી તેમના ઘરમાં સ્વામીના ફોટામાંથી વિભૂતિ ઉદ્ભવ થવા લાગી.. એટલું જ નહીં, પણ લોકેટ, વીટીમાંથી અમૃતનો અખંડ વર્ષાવ થવા લાગ્યો. અન્ય ભક્તો માટે હલગપ્પા નું ઘર એક તીર્થ ક્ષેત્ર બન્યું. હલગપ્પા એ ત્યાર પછી પોતાના બાળકો સાથે અને નિરાધાર બાળકોને આધાત આપી ને તેમને સુશિક્ષિત, સુસંસ્કારી કરવાનું બીડું ઉઠાવ્યું અહી બધાની સામે પોતાનો આદર્શ નિર્માણ કર્યો.

આ શક્ય થયું તે કેવળ સ્વામીએ તેમના કર્મબંધનનો નાશ કર્યો તેથી જ.

**|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||**